સુવિચાર

નકલી ઝવેરાત ખરીદવા માટે પણ પૈસા તો સાચા જોઈએ. આ જ બતાવે છે કે ખોટા ઉપર પણ વર્ચસ્વ તો સાચાનું જ છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




તું મારી નહીં તો કોઈની નહીં કહી પ્રેમીએ ત્યકતાને છરીના ઘા ઝિંક્યા P-4

Year-16, Issue-276 ■ DATE : 09-03-2026 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મીડલ ઈસ્ટમાં યુદ્ધ વચ્ચે ક્રુડતેલ ૧૧૬ ડોલર પહોંચ્યું

## એક જ દિવસમાં ૨૫%નો વધારો : હોર્મુઝ જળમાર્ગ બંધ થતા અને ઈરાનથી લઈ સાઉદી અરેબીયાના ક્રુડતેલ કુવા - રિફાઈનરીઓ પર હુમલાથી વૈશ્વિક ઈંધણમાં આગ લાગી





**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈરાન પરના અમેરિકા તથા ઈઝરાયેલના આક્રમણના કારણે વિશ્વભરમાં સર્જાયેલા ઈંધણ સહિતની કટોકટી, હાર્મુસ જળમાર્ગ બંધ થતા જ વિશ્વના ૪૦ ક્રુડતેલની હેરાફેરીને થયેલી અસર, સાઉદી અરેબીયાથી ઈરાન સુધી ક્રુડતેલ ઉત્પાદન કુવા તથા રિફાઈનરીઓ પરના હુમલાના કારણે ક્રુડતેલમાં મોટો ઉછાળો આવ્યો છે પણ ન્યુયોર્ક માર્કેટમાં ડબલ્યુસીઆઈ ક્રુડતેલ ૧૧૫.૯૬ ડોલર અને ભારતના વપરાશના બ્રેન્ટ ક્રુડનો ભાવ ૧૧૬ ડોલર પ્રતિ બેરલને પાર કરી ૧૧૬.૩૫ ડોલર પ્રતિ બેરલ પહોંચતા જ હવે તેની મોટી અસર ભારતના પેટ્રોલ-ડિઝલના ભાવથી પુરા અર્થતંત્ર પર થશેતો યુદ્ધ વકરવાના સંકેત મળતા જ ડોલર સામે રૂપિયો પણ વધુ ગગડયો છે.

આજે વધુ ૫૧ પૈસા તૂટીને તે ૯૨.૨૭ની સપાટીએ પહોંચી ગયા છે અને હજુ વધુ ગગડે તેવા સંકેત છે. આમ કોહરામની સ્થિતિ છે. ડબલ્યુસીઆઈ ક્રુડ ૨૭.૫૭%નો વધારો થયો છે. એક જ દિવસમાં તે ૨૫ ડોલર ઉછળ્યુ છે તો બ્રેન્ટક્રુડ જે ભારત માટે મહત્વનું છે. તેમાં પણ એક જ દિવસમાં ૨૪ ડોલરનો ઉછાળો આવ્યો છે અને હજુ નિષ્ણાંતો વધુ ઉંચા ભાવની આગાહી કરી છે.

અમેરિકાએ ગત સપ્તાહે ઈરાન પર સૌથી મોટો હુમલો કરવાની જાહેરાત કરી પછી પણ ઈરાનનો વળતો જવાબ ચાલુ છે. પાડોશી દેશો પર હુમલા નહી કરવાની ઈરાનની જાહેરાત પણ સસ્તી હતી અને આ દેશો જો તેના ત્યાંના અમોરિકી મથકો પર હુમલો અટકાવે તે નિશ્ચિત કરવા જણાવ્યુ હતું. આમ યુદ્ધમાં કોઈ ફર્ક પડયો નથી.

ક્રુડતેલના ભાવમાં આ ઉછાળો દેશના અર્થતંત્રને મોટો ફટકો પડશે. સરકારે ગત સપ્તાહે જ રાંધણગેસના ભાવ વધાર્યા છે અને હવે પેટ્રોલ-ડિઝલના ભાવ વધી જશે તેવી દહેશત રખાય છે. માર્કેટ નિષ્ણાંત ગોલ્ડમેન સ્નેચના જણાવ્યા મુજબ આ ભાવ ૧૫૦ ડોલર સુધી પણ જઈ શકે છે.

જો કે તે રીતે ચુંટણીઓ આવી રહી છે તે જોતા સરકાર માટે વધુ ભાવવધારો એ એક મુશ્કેલ નિર્ણય હશે. હોર્મુઝ ખાડીમાંથી આવતા ક્રુડતેલ ટેન્કરોને સુરક્ષા આપવા કરેલી જાહેરાત હજુ કોઈ રીતે અમલી બની નથી અને તેથી સપ્લાય ચેઈન ફરી પુર્વવત થતા મહિનાઓ લાગી જશે તેવા સંકેત છે.

આ પહેલા સરકારી સૂત્રોએ શનિવારે પણ જણાવ્યું હતું કે, પેટ્રોલ અને ડીઝલના ભાવ વધશે નહીં. તેમણે માહિતી આપી કે ભારતની ઊર્જા ભંડારની સ્થિતિ પહેલા કરતાં સારી થઈ રહી છે અને સંજોગો ધીમે ધીમે સ્થિર થઈ રહ્યા છે. ઊર્જા ભંડારમાં સુધારાથી સરકારને ઈંધણ પુરવઠાને સંભાળવામાં વધુ વિશ્વાસ મળ્યો છે. આ સાથે જ ભારતે કાચા તેલની આયાતને વિવિધ સ્ત્રોતોમાં વહેંચવા માટેના પગલાં લીધા છે, જેથી સંવેદનશીલ દરિયાઈ માર્ગો પરની નિર્ભરતા ઘટાડી શકાય.

સૂત્રોના જણાવ્યા મુજબ, પહેલા ભારતની કુલ કાચા તેલની આયાતનો લગભગ ૬૦% હિસ્સો હોર્મુઝની સામુદ્રધુની બહારના સ્ત્રોતોમાંથી આવતો હતો, પરંતુ હવે આ હિસ્સો વધીને લગભગ ૭૦% થઈ ગયો છે. તેમણે એ પણ જણાવ્યું કે હોર્મુઝની સામુદ્રધુનીથી તેલનો પ્રથમ જથ્થો ફરીથી રવાના થઈ ચૂક્યો છે, જે સંકેત આપે છે કે તેલનો પુરવઠો ધીમે ધીમે સામાન્ય થઈ રહ્યો છે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૫.૧૭/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૯૭/લીટર |
| CNG | રૂ. ૮૦.૨૭/કિલો |

| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૬૧,૭૩૦ | ₹૨,૮૦,૦૦૦ |
| | -૧૯૭૦ | -૫૦૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૨.૩૫ | ₹૧૨૨.૮૫ |

# ભારતીયોની સુરક્ષા માટે અમે કટિબદ્ધ: જયશંકર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બજેટ સત્રનો બીજો તબક્કો આજથી શરૂ થઈ રહ્યો છે. બીજા તબક્કાના પ્રથમ દિવસે સ્પીકર ઓમ બિરલાને પદ પરથી હટાવવાનો પ્રસ્તાવ આવશે. બીજી તરફ, ઈરાનમાં ચાલી રહેલા યુદ્ધ અંગે વિદેશ મંત્રી એસ. જયશંકર બંને ગૃહોમાં નિવેદન આપી રહ્યા છે. પ્રથમ દિવસની કાર્યવાહી માટે સત્તાધારી રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધનની આગેવાની કરી રહેલી ભારતીય જનતા પાર્ટી અને વિપક્ષી ઈન્ડિયા બ્લોકની નેતા કોંગ્રેસ, બંને પક્ષોએ પોતાના સાંસદોને થ્રી-લાઈન વ્હિપ જાહેર કરી લોકસભામાં હાજર રહેવા જણાવ્યું છે.



વિદેશ મંત્રી એસ. જયશંકર ઈરાન યુદ્ધ પર રાજ્યસભામાં નિવેદન આપી રહ્યા છે. જયશંકરે ગૃહમાં માહિતી આપી હતી કે, ''ભારત આ વિસ્તારમાં સાર્વભૌમત્વનું સમર્થક છે અને અમારું માનવું છે કે કોઈપણ સમસ્યાનો ઉકેલ વાતચીત દ્વારા શોધવો જોઈએ''. તેમણે કહ્યું કે, ગલ્ફ રિજનમાં એક કરોડ ભારતીયો રહે છે અને તેમની સુરક્ષા અંગે CCSની બેઠકમાં પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

# અઠવાડીયાના પ્રથમ દિવસે જ શેરબજારમાં બ્લડબાથથી રોકાણકારોના ૧૨ લાખ કરોડ સ્વાહા

### પ્રારંભે સેન્સેકસમાં ૨૪૦૦ પોઈન્ટનું ગાબડુ: રૂપિયો ૯૨.30ની નીચલી સપાટી પર

**મુખ્ય સમાચાર, મુંબઈ**

મુંબઈ તા.૯ અઠવાડિયાના પહેલા ટ્રેડિગ દિવસે શેરબજાર ખુલ્યાના પાંચ સેકન્ડમાં જ રોકાણકારોએ ?૯ લાખ કરોડ ગુમાવ્યા. પમિ એશિયામાં વધી રહેલા યુદ્ધ અને ક્રૂડ ઓઈલના આસમાને પહોંચેલા ભાવે વોલ સ્ટ્રીટ પર અરાજકતા ફેલાવી દીધી છે. ઈરાન અને યુએસ-ઇઝરાયલ વચ્ચેના તણાવે હવે ખતરનાક વળાંક લીધો છે, જેની સીધી અસર વૈશ્વિક અર્થતંત્ર તેમજ આપણા ખિસ્સા પર પડી છે. સેન્સેક્સ અને નિફ્ટી ગગડી ગયા છે, અને દરેક જગ્યાએ ભારે વેચવાલીનું દબાણ જોવા મળી રહ્યું છે.



ભારતીય શેરબજારમાં સપ્તાહના પહેલા ટ્રેડિગ દિવસે ભારે ઘટાડો જોવા મળ્યો. સપ્તાહના પહેલા દિવસે ભારે વેચવાલીથી રોકાણકારોમાં ગભરાટ ફેલાયો. પરિણામે, સેન્સેક્સ ૨,૩૮૬ પોઈન્ટ ઘટીને ૭૬,૫૩૨ પર ટ્રેડ થઈ રહ્યો હતો. તેવી જ રીતે, નિફ્ટી ઈન્ડેક્સ ૭૩૫ પોઈન્ટ ઘટીને ૨૩,૭૧૫ પર ટ્રેડ થઈ રહ્યો હતો. આ દરમિયાન, મધ્ય પૂર્વમાં ઇઝરાયલ, યુએસ અને ઈરાન વચ્ચે યુદ્ધ વધ્યું, અને ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ ૧૧૭ સુધી વધી ગયા. શરૂઆતના ટ્રેડિગમાં નિફ્ટી ૭૦૦-૯૦૦ પોઈન્ટ ઘટીને ૭૦૦-૯૦૦ પોઈન્ટ ઘટી ગયો. ૧૦ વાગ્યે સેન્સેકસ ૨૧૯૫ તો નીફટી ૬૬૮ પોઈન્ટ ડાઉન સાથે ૨૩૭૮૨ ઉપર ટ્રેડ કરે છે. બ્લડબાથ''ને કારણે GIFT રોકાણકારોના રૂા. ૧૨ લાખ કરોડ સ્વાહા થઈ ગયા છે. ડોલર સામે રૂપિયો પણ ૯૨.૩૦ની નીચલી સપાટી પર પહોંચી ગયા છે.


# જંગલેશ્વર બાદ લક્ષ્મીનગરમાં ડિમોલિશન

## રેલવે દ્વારા ૩૫૦ દબાણ તોડવાનું શરૂ; પોલીસ બંદોબસ્ત વચ્ચે આગની બે ઘટના; મહિલાએ કહ્યું-બાળકોને લઈ ક્યાં જવું?





તસ્વીર : ગૌરવ લશ્કરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ગેરકાયદેસર દબાણો હટાવવાની ઝુંબેશ અત્યંત વેગવંત બની છે. મનપા દ્વારા જંગલેશ્વરમાં સફળતાપૂર્વક ડિમોલિશનની કામગીરી પૂર્ણ થયા બાદ હવે રેલવે તંત્ર અને સ્થાનિક પોલીસ દ્વારા સંયુક્ત રીતે લક્ષ્મીનગર વિસ્તાર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. સોમવારે વહેલી સવારથી જ રેલવેની માલિકીની જમીન પર વર્ષોથી જામી ગયેલા દબાણોને દૂર કરવા ચુસ્ત બંદોબસ્ત સાથે બુલડોઝરોનો કાફલો ઉતારી દેવામાં આવ્યો હતો. અંદાજે ૩૫૦ જેટલા કાચા-પાકા ઝુંપડાઓ જમીનદોસ્ત કરવામાં આવશે.

જોકે, રેલવે તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલા ડિમોલિશનમાં વર્ષોથી વસતા ગરીબ પરિવારોની હાલત કફોડી બની ગઈ છે. દાયકાઓથી અહીં રહેતા સ્થાનિકોએ રડતી આંખે વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, અમે ૬૦ વર્ષથી અહીં રહીએ છીએ, અમારા મા-બાપ અહીં જ ગુજરી ગયા અને હવે આ નાના બાળકોને લઈને અમે કયા ઘરે જઈએ? ચૂંટણી સમયે ૫૦૦-૧૦૦૦ મતો લેવા માટે બધા દોડી આવે છે, પણ આજે જ્યારે અમારા માથેથી છત્ત છીનવાઈ રહી છે, ત્યારે કોઈ સહારો આપવા તૈયાર નથી.

ડિમોલિશનની કામગીરી દરમિયાન વાતાવરણ ગમગીન અને તણાવપૂર્ણ બની ગયું હતું. શાંતિબેન નામના મહિલાએ પોતાની વેદના વ્યક્ત કરતા કહ્યું હતું કે, અહીં વર્ષોથી રહીએ છીએ પણ ક્યારેય લાઈટ કે પાણીની સુવિધા મળી નથી, છતાં અમે અહીં અમારો ગુજારો કરતા હતા. હવે જ્યારે ડિમોલિશન થયું છે, ત્યારે અમે રસ્તા પર આવી ગયા છીએ. નેતાઓ ફક્ત મતો મેળવવા માટે જ આવે છે, ગરીબોને રહેવા માટે કટકો જગ્યા આપવાની કોઈ દરકાર કરતું નથી. આ મેગા ઓપરેશન દરમિયાન અફરાતફરીનો માહોલ ત્યારે સર્જાયો જ્યારે ડિમોલિશનની કામગીરી ચાલુ હતી અને અચાનક ત્રણ અલગ-અલગ સ્થળોએ આગ લાગવાની ઘટનાઓ બની હતી. ઝુંપડાઓમાં આગ લાગતા જ કામગીરીમાં થોડો સમય ખલેલ પડી હતી. જોકે, ઘટનાસ્થળે તૈનાત ફાયર બ્રિગેડની ટીમે તુરંત મોરચો સંભાળી લીધો હતો અને આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ આગમાં કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ માલ-સામાનને વ્યાપક નુકસાન પહોંચ્યું હતું.

# અમરેલી કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

અમરેલી શહેરમાં સરકારી સંસ્થાઓને નિશાન બનાવતા ધમકીભર્યા ઈ-મેઈલનો સિલસિલો યથાવત્? રહ્યો છે. આજે (નવમી માર્ચ) અમરેલી કોર્ટની જજ ચેમ્બર અને સમગ્ર કોર્ટ પરિસરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસ બેડામાં હડકંપ મચી ગયો છે. અજમલ કસાબ અને તમિલનાડુના મુદ્દાનો ઉલ્લેખ ધરાવતા આ ઈ-મેઈલ બાદ સુરક્ષા એજન્સીઓ ઍલર્ટ મોડ પર આવી ગઈ છે. મળતી માહિતી અનુસાર, અજાણ્યા શખસ દ્વારા મોકલવામાં આવેલા ઈ-મેઈલમાં જણાવાયું છે કે કોર્ટ પરિસરમાં ૧૪ જેટલા RDX ભરેલા બોમ્બથી વિસ્ફોટ કરવામાં આવશે. ઈ-મેઈલમાં અજમલ કસાબ અને તમિલનાડુનો મુદ્દાને લઈને લખ્યું કે 'કોર્ટ શું કામની, જો તે નિર્દોષ નાગરિકોને ન્યાય ન અપાવી શકે.' આ ધમકી મળતા જ પોલીસ કાફલો કોર્ટ ખાતે દોડી ગયો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને પોલીસ ટીમે કાર્યવાહી હાથ ધરી હતી. કોર્ટમાં કામકાજ અટકાવીને તમામ વકીલો, કર્મચારીઓ અને પક્ષકારોને સુરક્ષિત રીતે બહાર કાઢી પરિસર ખાલી કરાવવામાં આવ્યું હતું. ડોગ સ્કવોડ, FSLની ટીમ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ દ્વારા ખૂણેખૂણાની તપાસ કરવામાં આવી રહી છે.

# ચેમ્પિયન ભારતીય ટીમ પર ઈનામોની ધનવર્ષા : ૨૭.૫૦ કરોડ મળ્યા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી હાઈ-વોલ્ટેજ ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને હરાવીને ભારતીય ટીમે ત્રીજી વખત T20 વર્લ્ડ કપના ખિતાબ પર કબજો જમાવ્યો છે. આ ઐતિહાસિક જીત બાદ વિશ્વ વિજેતા ટીમ ઈન્ડિયા પર કરોડો રૂપિયાના ઈનામોનો વરસાદ થયો છે.

T20 વર્લ્ડ કપ ૨૦૨૬ જીતનારી ભારતીય ટીમને ICC તરફથી ૩ મિલિયન ડોલર (અંદાજે રૂ.૨૭.૫૦ કરોડ) ની ઈનામી રકમ મળી છે. બીજી તરફ, ફાઈનલમાં હારનાર ન્યુઝીલેન્ડની ટીમને રનર-અપ તરીકે ૧.૬ મિલિયન ડોલર (અંદાજે રૂ.૧૪.૬૭ કરોડ) આપવામાં આવ્યા છે.





કીવી ટીમનું પ્રથમ વખત વર્લ્ડ કપ જીતવાનું સપનું ફરી એકવાર અધૂરું રહ્યું છે. સેમિ ફાઈનલમાં હારનારી ટીમો (ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકા) ને પણ ખાલી હાથે ઘરે જવું પડ્યું નથી, તેમને ૦.૭૯ મિલિયન ડોલર (અંદાજે રૂ.૭.૨૪ કરોડ) મળ્યા છે. આ સિવાય ૫ થી ૧૨માં ક્રમે રહેલી ટીમોને રૂ.૩.૪૮ કરોડ અને ૧૩ થી ૨૦માં ક્રમની ટીમોને રૂ.૨.૨૯ કરોડની પ્રાઈઝ મની મળી છે.

# વર્લ્ડ કપ જીતતા દેશભરમાં દિવાળીનો માહોલ: આખી રાત સેલીબ્રેશન

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટી-૨૦ વર્લ્ડ કપના ફાઈનલ મેચમાં ભારતે ન્યુઝીલેન્ડને કારમી હાર આપ્યા બાદ દેશભરમાં જીતની ઝનૂનભેર ઉજવણી કરવામાં આવી હતી.

ગુજરાતથી માંડીને દેશના તમામ રાજ્યોમાં ક્રિકેટ ફેન્સ રસ્તાઓ પર ઉતરી ગયા હતા. ફટાકડાના ધૂમ ધડાકા અને નાચ-ગાન સાથે જશ્ન મનાવવામાં આવ્યો હતો. મેદાન પરની જીતનો આખા દેશમાં વિજ્યોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

અમદાવાદમાં સૂર્યસેનાએ પ્રતિસ્પર્ધી ન્યુઝીલેન્ડને હરાવી દીધું હતું અને ઐતિહાસિક જીત હાંસલ કરી હતી. ટી-૨૦ વર્લ્ડકપના આ વિજય સાથે ભારતે અનેક નવા રેકોર્ડ બનાવ્યા હતા. ભારતીય ટીમે સળંગ બીજો વર્લ્ડકપ જીતીને ટ્રોફી ઘર આંગણે જ જાળવી રાખી હતી.



આ સિવાય ઘરઆંગણે જીત મેળવનાર પ્રથમ ટીમ બની હતી. તેવી જ રીતે ટી-૨૦ વર્લ્ડકપના ઈતિહાસમાં ત્રણ વખત ચેમ્પીયન બનવાનું બીરુદ મેળવનાર પ્રથમ બની હતી. ફાઈનલ મેચ પૂર્વે જ ભારતીય ટીમ ઈતિહાસ રચશે તેવો આશાવાદ હતો જ અને ટીમ ઈન્ડિયાએ ક્રિકેટ પ્રેમીઓના વિશ્વાસને અકબંધ રાખીને અભૂતપૂર્વ જીત મેળવી હતી. મેદાન પરની જીત સાથે જ સમગ્ર દેશમાં ભારતીયો રસ્તા પર આવી ગયા હતા અને નાચ-ગાન, આતશબાજી સાથે જબરદસ્ત ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત સહિત દેશના તમામ રાજ્યોમાં તથા મહાનગરોથી માંડીને નાના ગામોમાં મધરાતે જ રસ્તા બ્લોક થઈ ગયા હતા. જીતની ઉજવણી માટે ક્રિકેટ ફેન્સ વાહનો સાથે નીકળી પડ્યા હતા અને જનસેલાબ ઉમટ્યો હોય તેવો માહોલ સર્જાયો હતો. ઠેકઠેકાણે આકાશમાં રંગીન આતશબાજીનો અદભૂત નજારો પણ સર્જાયો હતો.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ટી-૨૦ વર્લ્ડકપની ફાઇનલ મેચમાં ભારતની શાનદાર જીતનો જામનગર વાસીઓએ ભવ્ય જશ્ન મનાવ્યો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના અનેક વિસ્તારોમાં ભવ્ય આતશબાજીથી દિવાળી જેવો માહોલ.અમદાવાદમાં રમાયેલી ટી. ટવેન્ટી વર્લ્ડ કપ ની ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ફાઈનલ મેચમાં ગઈકાલે રાત્રે ભારતે શાનદાર જીત મેળવી લઇ વર્લ્ડ કપ સતત બીજી વખત અને કુલ ત્રીજી વખત પોતાના નામે કરી લીધો હતો, જેના જીતનો ભવ્ય જશ્ન જામનગર શહેરમાં ગઈકાલે રાત્રે જોવા મળ્યો હતો, અને શહેરમાં ઠેર ઠેર આતશબાજી થઈ હતી, અને જાણે કે દિવાળી જેવો માહોલ સર્જાયો હતો.

શહેરના અનેક વિસ્તારોમાં યુવા ક્રિકેટ પ્રેમીઓ પોતાના હાથમાં તિરંગા લઈને નીકળી પડ્યા હતા, અને ઢોલ નગારા સાથે શાનદાર જીતની ઉજવણી કરી હતી. તેમજ કેટલાક યુવાનો પોતાના હાથમાં તિરંગા ઝંડા લઈને બાઈક પર ભારત માતાકી જય ના નારા સાથે પણ શહેરમાં ઘુમી વળ્યા હતા, અને ભારે ક્રિકેટ ફીવર સર્જાયો હતો.જામનગર શહેરના હવાઈચોક સહિતના અલગ અલગ વિસ્તારોમાં મોટા સ્ક્રિન પર ભારત અને પાકિસ્તાનની મેચનું લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું, જેને નિહાળવા માટે અનેક ક્રિકેટ પ્રેમીઓ ઠેર ઠેર ઉમટેલા જોવા મળ્યા હતા, અને ભારતે પ્રથમ બેટિંગ કરીને શાનદાર ૨૫૫ રન ખડકી દીધા હતા, ત્યારે ચોક્કા છક્કાની રમઝટમાં દર્શકોએ તાલીઓ પાડી સિટી વગાડીને ખુશી વ્યક્ત કરી હતી, ત્યારબાદ બીજા દાવમાં હરીફ ન્યુઝીલેન્ડની ટિમ ની ટપોટપ વિકેટો પડતી ગઈ, ત્યારે દરેક પણ ક્રિકેટ પ્રેમીઓની ચિચિયારી થી શહેરના અનેક વિસ્તારો ગુંજી ઉઠ્યા હતા, અને ભારતની જીત બાદ અનેક સ્થળે ભવ્ય આતશબાજી કરાઈ હતી, તેમજ દેશભક્તિના નારા ગજવ્યા હતા, ત્યારે શહેરના અનેક વિસ્તારોમાં દેશ પ્રેમ ની પણ ઝલક જોવા મળી હતી.

ખાસ કરીને શહેરના હવાઈ ચોક વિસ્તારમાં સવિશેષ ઉજવણી જોવા મળી હતી, અને હજારો ક્રિકેટ પ્રેમીઓ મોડી રાત્રે સુધી એકત્ર થયેલા અને ઢોલ નગારા ના તાલે ભારત માતા કી જય ના નારા સાથે ઝૂમી ઉઠેલા જોવા મળ્યા હતા.ભારતની ટી. ટ્વેન્ટી વર્લ્ડ કપ માં ફાઇનલ મેચમાં જીત બાદ, અને વર્લ્ડ ચેમ્પિયન બન્યા બાદ રાત્રીના ૧૧.૩૦ વાગ્યા પછી જામનગર શહેરમાં અનેક ક્રિકેટ પ્રેમીઓ પોતાના હાથમાં તિરંગો ઝંડો લઈને બાઈક પર નીકળી પડ્યા હોય એવા દ્રશ્યો પણ જોવા મળ્યા હતા.

# જામનગરમાં ગુજરાત નેવલ યુનિટ એનસીસી દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે સ્વાસ્થ્ય જાગૃતિના સંદેશ સાથે સાઈકલ રેલી

**મુખ્ય સમાચાર, જામનગર**

આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસી દ્વારા સ્વાસ્થ્ય જાગૃતિના સંદેશ સાથે સાઈકલ રેલી યોજવામાં આવી હતી.બેડેશ્વર સરકારી કોલોની સ્થિત નેવલ યુનિટથી બેડી પોર્ટ સુધીની આ સાયકલ રેલીમાં વિવિધ શાળાના ૬૩ કેડેટ્સ,૨ એસોસિએટ એનસીસી ઓફિસર્સ, ૨ કેરટેકર ઓફિસર્સ, ૧૨ પીઆઇ સ્ટાફ સહિતનો સ્ટાફ જોડાયો હતો. આ સાયકલ રેલીનું ફ્લેગ ઓફ, સેકન્ડ ઓફિસર તોરલ ઝવેરી દ્વારા કરવામાં આવ્યું હતું.આ રેલી અંતર્ગત કેડેટ્સ દ્વારા

નારીશક્તિના મહાત્મ્યને દર્શાવતું નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. સ્વાસ્થ્ય જાગૃતિના સંદેશ સાથે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે સુંદર ચિત્રો પણ દોરવામાં આવ્યા હતા. આ રોમાંચક સાયકલ રેલીમાં એનસીસીના એકતા તથા અનુશાસનના ઉદ્દેશ્યને સાકાર કરવામાં આવ્યો હતો.આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસી જામનગરના કમાન્ડિંગ ઓફિસર



કમાન્ડર સ્નેહા રાયનો સંદેશ.નારીએ નવસર્જન અને નેતૃત્વના સમન્વયને સાકાર કરતું ઈશ્વરનું અદભુત સર્જન છે. માતા, પુત્રી, પત્ની, બહેન વિવિધ રૂપોમાં નારી શક્તિના સંયમ,શક્તિ,સર્જન, સમર્પણના અનેક પાસાઓ દુનિયાને સંવેદનશીલતા અને જીવંતતાથી ધબકાવે છે.સંરક્ષણક્ષેત્રની સેવાઓથી અવકાશયાત્રા સુધીના તમામ ક્ષેત્રમાં નારી સામર્થ્યની અતુલ્ય ઝલક દુનિયાને અનુકરણીય દ્રષ્ટાંતો આપી રહી છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે તમામ નારીશક્તિને સલામ કરી તેમને ઉતરોતર પ્રગતિ માટે શુભકામના પાઠવું છું.

# જામનગર મસાલા ફેક્ટરીમાં ભીષણ આગ, ૩૫ ટન મરચાનો જથ્થો બળીને ખાખ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીક હાપા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં આવેલી મધુસુદન મસાલા નામની ફેક્ટરીમાં રવિવારે અકસ્માતે આગ લાગી હતી, અને આશરે ૩૫ ટન જેટલો મરચાનો જથ્થો સળગી ઉઠ્યો હતો. ફાયર વિભાગની ટુકડીએ ભારે જહેમત લઈને પાણીના ત્રણ ટેન્કરો વડે આગને કાબુમાં લઈ લીધી હતી, જેથી ફેક્ટરીની મશીનરી બચી ગઈ હતી.મળતી માહિતી અનુસાર, જામનગરના વેપારી હિરેનભાઈ કોટેચા વગેરેની માલિકીની હાપા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં આવેલી એક ફેક્ટરીમાં બહારના ભાગમાં આશરે ૩૫ ટન જેટલો સુકા મરચાનો જથ્થો રાખવામાં આવ્યો હતો, જ્યાં કોઈપણ રીતે આગ લાગી હતી. જે આગ જોતજોતામાં ફેલાઈ ગઈ હતી, અને મરચાનો વિશાળ જથ્થો સળગી ઊઠતાં ધુમાડાના ગોટે ગોટા જોવા મળ્યા હતા, તેમ જ ખૂબ જ આંખોમાં બળતરા થાય તે પ્રકારનું વાતાવરણ બની ગયું હતું.આગના આ બનાવ અંગેની ફાયર વિભાગને જાણ કરાતાં ફાયર જવાનોને ઘટનાસ્થળે દોડી ગયા હતા અને અલગ-અલગ ત્રણ ફાયર ટેન્ડરની મદદથી આખરે સવા કલાકની જહેમત લઈને આગને કાબુમાં લઈ લીધી હતી. મરચામાં આગ લાગી હોવાથી તેનો ધુમાડો નીકળ્યો હતો અને આંખો બળે તેવી પરિસ્થિતિ હોવાથી ફાયર વિભાગના સ્ટાફે ખાસ પ્રકારના ડ્રેસ પહેરીને કામગીરી કરવી પડી હતી. સમયસર આગ કાબૂમાં આવી ગઈ હોવાથી કારખાનાની અંદરની મશીનરી વગેરેનો બચાવ થયો હતો. આગની આ ઘટનાને લઈને કારખાનેદારને લાખો રૂપિયાનું નુકસાન થયું છે અને આશરે ૩૫ ટન જેટલો મરચાનો જથ્થો ભસ્મીભૂત થયો છે. જેની સર્વેની કામગીરી ચાલી રહી છે.

# વાવડીમાં નારીદિવસ નિમિત્તે ડો.હસ્તલેખા મહેતાનો આરોગ્ય કેમ્પ યોજાયો

## શાળાના આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક ભેટો અપાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી નારીદિવસ નિમિત્તે વાવડી કન્યાશાળામાં ડો.હસ્તલેખા મહેતા (હસ્તીબેન) દ્વારા ૨૨૧ માં આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનોના આરોગ્યની ચકાસણી સાથે દવાઓ આપવામાં આવી તેમજ શાળાના પ્રિન્સિપાલ દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક ભેટો અર્પણ કરવામાં આવી હતી.

મોરબીમાં આંતરરાષ્ટ્રીય નારીદિવસ નિમિત્તે તા. ૮ માર્ચના રોજ ડો. હસ્તલેખા મહેતા (હસ્તીબેન) દ્વારા ૨૨૧મા આરોગ્ય કેમ્પનું આયોજન એક સન્નારી દ્વારા







વાવડી ગામે કન્યા શાળામાં કરવામાં આવ્યું હતું. યોજાયેલા આ કેમ્પમાં શાળાના વિદ્યાર્થીઓ તેમજ તેમના પરિવારજનો માટે આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. કેમ્પ દરમિયાન હાજર લોકોનું વજન માપવું, બ્લડ સુગર અને બ્લડ પ્રેશરની તપાસ કરવામાં આવી હતી તેમજ જરૂર મુજબ ત્રણ દિવસની દવાઓ પણ આપવામાં આવી હતી. કેમ્પને સફળ બનાવવા માટે શાળાના પ્રિન્સિપાલ સાગરભાઈ મહેતાનો મહત્વપૂર્ણ સહકાર મળ્યો હતો.

આ કેમ્પ અંતર્ગત માતુશ્રી જયેન્દ્રબાળાબેન ઈન્દુલાલ મહેતા તથા ફૈબાશ્રી વિદ્યાબેન મહેતાના સહયોગથી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપે ભેટો પણ આપવામાં આવી હતી. જેમાં ધોરણ ૧ થી ૫માં પ્રથમ આવનારા વિદ્યાર્થીઓને ડ્રોઈંગ બુક અને કલર બોક્સ તેમજ ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ ભેટ આપવામાં આવી હતી. કેમ્પને સફળ બનાવવા માટે રશ્મિનભાઈ દેસાઈ, જસવંતીબેન ચાવડા, રૂચિતાબેન પંડયા, સુદીપ વોરા તેમજ નાની હિયા ચાવડાએ સેવા આપી હતી.

# તા.૨૫ માર્ચના કાલાવડ તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

**મુખ્ય સમાચાર, જામનગર**

સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમની રાજય અને જિલ્લા કક્ષાએ મળેલી સફળતા બાદ મુખ્યમંત્રીએ ગુજરાત રાજ્યના નાગરિકોના ગામ કે તાલુકા કક્ષાના પ્રશ્નો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે તાલુકા કક્ષાએ તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ યોજવાનું સૂચન કર્યું છે.જે અનુસાર જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા.૨૫-૦૩-૨૦૨૬ ના રોજ સવારના ૧૧૦૦ કલાકથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી મામલતદાર. કાલાવડના અધ્યક્ષસ્થાને મામલતદારની કચેરી કાલાવડના મિટિંગ હોલમાં યોજવામાં આવશે.

તેથી આગામી તા.૨૦-૦૩-૨૦૨૬ પહેલા અરજદારોએ તાલુકા સ્વાગત કાર્યક્રમના મથાળા હેઠળ તેમની અરજી મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ. કાલાવડને મોકલી દેવાની રહેશે. અરજી મોકલતી વખતે અરજદારોએ અત્રે જણાવેલી તમામ બાબતોનું પાલન કરવાનું રહેશે. જે અન્વયે,તાલુકા કક્ષાએ તાલુકાના જવાબદાર અધિકારીને પ્રથમ અરજી કરેલી હોવી જોઈએ, અને તે અરજીની તારીખે અનિર્ણિત રહેલી હોવી જોઈએ. તો જ આ કાર્યક્રમમાં અરજી સ્વીકારવામાં આવશે.કાર્યક્રમમાં તાલુકા કક્ષાના અધિકાર ક્ષેત્રમાં આવતા પ્રશ્નોના જ નિર્ણય લઈ શકાય, તેવા પ્રશ્નો જ હોવા જોઈએ કાર્યક્રમમાં અરજદાર જાતે રૂબરૂ પોતાના પ્રશ્નની જ આધાર-પુરાવા સાથે રજુઆત કરી શકશે. કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજુઆત કરી શકશે. સામુહિક રજુઆતો કરી શકશે નહીં.તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં અરજી કરતાં પહેલાં કોઈપણ અરજદારે ગ્રામ્યકક્ષાના પ્રશ્ન હોય તો ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી કે ગ્રામ સેવકશ્રીને પ્રથમ અરજી કરેલી હોવી જોઈએ અને તે અનિર્ણિત હોવી જોઈએ.કાલાવડ તાલુકાના તમામ નાગરિકોને આ તાલુકા સ્વાગત કાર્યક્રમનો લાભ લેવા માટે મામલતદાર, કાલાવડની યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોરબીના દલવાડી સર્કલ નજીક કતલખાને લઈ જવાતા અબોલ પશુઓને ગૌરક્ષકોએ બચાવ્યા

**બડા દોસ્ત વાહનમાં ક્રૂરતા પૂર્વક બાંધી લઈ જવાતા ૧૭ પાડાને છોડાવ્યા, ક્લીનર ઝડપાયો, ડ્રાઈવર ફરાર : પાયલોટિંગ કરતા જુદી જુદી બે કારના ચાલક સહિત પાંચ સામે ગુનો નોંધાયો**









**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના દલવાડી સર્કલ નજીક ગૌરક્ષકોને મળેલી બાતમીને આધારે બડા દોસ્ત વાહન રોકી તપાસ કરતા તેમાં ક્રૂરતા પૂર્વક બાંધીને કતલખાને લઈ જવાતા ૧૭ પાડા મળી આવ્યા હતા. ઘટનામાં વાહનના ક્લીનરની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી છે. જ્યારે બડા દોસ્ત વાહનનો ચાલક તેમજ આગળ બે અલગ અલગ કારમાં પાયલોટિંગ કરનાર સહિત અન્ય આરોપીઓ ફરાર થઈ ગયા હતા. આ સાથે સીટી એ ડિવિઝન પોલીસે પાંચ આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે.

મળતી માહિતી મુજબ, વિશ્વ હિન્દુ પરિષદમાં ૧૧ વર્ષથી સેવા આપનાર અને નવી પીપળી ગામે રહેતા વૈભવભાઈ જીતેશભાઈ જાલરિયાએ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી અનવર સલીમભાઈ શેખ રહે. રણછોડનગર મોરબી મૂળ રહે ટંકારા, ફરહાન ઉર્ફે તોફીક અનવરભાઈ પીલુડીયા રહે.ટંકારા, અરમાન ખુરેશી, સાહિલ ખુરેશી અને ભાવિનભાઈ ઘનશ્યામભાઈ પટેલ ત્રણેય રહે. રાજકોટ વાળા વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ તથા અન્ય ગૌરક્ષકો મોરબી બાયપાસ રોડ પર પશુઓની ગેરકાયદેસર હેરફેર અંગે વોચમાં હતા. તે દરમિયાન ખાનગીરાહે બાતમી મળી હતી કે માળિયા(મી) તરફથી એક બડા દોસ્ત રજી.નં. જીજે-૩૬-વી-૩૮૦૧ વાહનમાં અબોલ પશુઓ ભરી મોરબી થઈ મિતાણા તરફ લઈ જવામાં આવી રહ્યા છે. જેના આધારે ગૌરક્ષકો પંચાસર ચોકડી પાસે વોચમાં હોય તે દરમિયાન બાતમી મુજબનું વાહન ત્યાંથી પસાર થતા તેનો પીછો કરી ઉપરોક્ત વાહન મોરબીના દલવાડી સર્કલ પાસે રોકવામાં આવ્યું હતું. વાહન રોકતા જ ડ્રાઈવર સ્થળ પરથી ભાગી ગયો હતો જ્યારે ક્લીનર આરોપી અનવર સલીમભાઈ શેખ ઝડપાયો હતો. ગાડીમાં લગાવેલી તાલપત્રી હટાવી તપાસ કરતા ઉપર અને નીચેના બે ભાગમાં કુલ ૧૭ પાડા મળી આવ્યા હતા, જેને ક્રૂરતાપૂર્વક બાંધી તેમજ ઘાસચારો કે પાણીની કોઈ વ્યવસ્થા વગર કતલખાને લઈ જઇ રહ્યા હતા.

આ સાથે પકડાયેલ આરોપી ક્લીનરની પૂછ્તાછમાં જણાવ્યું હતું કે આ પશુઓને નખત્રાણા નજીકથી ભરી રાજકોટના અરમાન ખુરેશી અને સાહિલ ખુરેશી પાયલોટિંગ કરતા હતા, જ્યારે ભાવિનભાઈ ઘનશ્યામભાઈ પટેલના કહેવાથી તેને મિતાણા ખાતે ઉતારવાના હતા. ત્યારે ગૌરક્ષકો દ્વારા વાહન રોકાવતા, મુખ્ય આરોપીઓ કે જેઓ પાયલોટિંગ કરતા હતા તેઓ પોતાની કાર લઈને ફરાર થઈ ગયા હતા. પોલીસે રૂ. ૫૧ હજાર કિંમતના ૧૭ પશુઓ તથા અંદાજે રૂ. ૪ લાખની બડા દોસ્ત ગાડી કબજે કરી તમામ આરોપીઓ સામે પશુ ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીઓને પકડી લેવા આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

# જામનગરના હોમગાર્ડ વિભાગમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે તમામ પ્લાટુનને મહિલા દ્વારા લીડ કરાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના હોમગાર્ડ વિભાગમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે રાખવામાં આવેલી વિશેષ પરેડની તમામ પ્લાટુનને મહિલાઓ દ્વારા લીડ કરવામાં આવી હતી.ત્યારબાદ જિલ્લા હોમગાર્ડઝ કચેરી ખાતે મહિલાઓના હાથે કેક કટિંગ સેરેમનિ આયોજિત કરવામાં આવી હતી. આ તકે જિલ્લાના કમાન્ડન્ટ ગીરીશ સરવૈયા અને સ્ટાફ ઓફિસરો મહિલા ઓફિસર પ્રેક્ષાબેન ભટ્ટ દ્વારા મહિલાઓને આત્મનિર્ભર બનવા બદલ ખૂબ ખૂબ શુભકામનાઓ આપવામાં આવી.!આ તકે સીટી યુનિટના ઓફિસરો અને હોમગાર્ડઝ ભાઈઓ તથા બહેનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના ગોરખીજડીયા ગામે તળાવ પાસે ૩૫ વર્ષીય યુવકનો મૃતદેહ મળ્યો

મોરબી તાલુકાના ગોરખીજડીયા ગામે તળાવ નજીક ૩૫ વર્ષીય યુવકનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી છે. બનાવ અંગે મોરબી તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે. મોરબી તાલુકાના ગોરખીજડીયા ગામ નજીક તળાવ પાસે એક યુવકનો મૃતદેહ મળી આવ્યાની ઘટના અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર, માળીયા(મી) તાલુકાના વીરપરડા ગામે રહેતા મુસાભાઈ આહમદભાઈ સુમરા ઉવ.૩૫ વાળા કોઈ કારણોસર મરણ જતા તેમનો મૃતદેહ તળાવ નજીક પડેલો હોવાની જાણ થતાં સ્થાનિકોમાં ચકચાર મચી ગઈ હતી. આ બનાવ અંગે મૃતક યુવકના પરિવારજન ઈમ્તિયાઝભાઈ ઓસમાણભાઈ સુમરા પાસેથી પ્રાથમિક વિગતો મેળવી તાલુકા પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતદેહને કબજે લઈ અ.મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# લાયન્સ કલબ ધોરાજી દ્વારા પર્યાવરણને બચાવવા નાયલોન કાપડની બેગનું વિતરણ


**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**

લાયન્સ કલબ ધોરાજી દ્વારા પ્લાસ્ટિકથી પ્રદૂષણની સમસ્યા છે પ્લાસ્ટિકના બેદરકારી પૂર્વક ઉપયોગથી પર્યાવરણને ગંભીર નુકસાન થઈ રહ્યું છે અને આવનારી પેઢીને પ્રદૂષણ મુક્ત પર્યાવરણ આપીએ તેવા ધ્યેયથી જનજાગૃતિ અભિયાન દ્વારા ધોરાજી નગરપાલિકાના સહિયારા પ્રયાસથી લોકોને પ્લાસ્ટિક ઝબલા વાપરવાને બદલે લોકોને નાયલોન કાપડની પોકેટ શોપિંગ બેગ (થેલી) ટોકન દરે વિતરણનો આજના વિશ્વ મહિલા દિવસ નિમિત્તે લાયન્સ કલબના ડિસ્ટ્રિક્ટ ગવર્નર અભયભાઈ શાહ તથા ધોરાજી નગરપાલિકાના પ્રમુખ પાયલબેન ધોળકિયાના વરદ હસ્તે કાર્યક્રમ લોન્ચ કરવામાં આવેલ તેમજ પાસ્ટ ડીસ્ટ્રીક ગવર્નર ધીરુભાઈ રાણપરીયા જેતપુરથી તેમજ ડીસ્ટ્રીક



ટ્રેઝરર વાડીલાલ ઠાકરાણી ખાસ ઉપસ્થિત રહેલ આ તકે લાયન્સ કલબ ધોરાજીના પ્રમુખ રાજુભાઈ બાલધાએ ધોરાજીની જાહેર જનતા જોગ અપીલ કરીને તમામ સાથ સહકાર આપે અને ધોરાજીથી શરૂઆત કરીને ગુજરાત અને ભારત દેશને પ્લાસ્ટિકથી પ્રદુષણ મુક્ત પર્યાવરણ મહા અભિયાનમાં જોડાવા માટે આહવાન કરેલ તેમજ સામાજિક સેવાકીય સંસ્થાઓ અને શાળા, કોલેજના સંચાલકોને અપીલ કરેલકે ધોરાજીથી શરૂઆત કરીને ભારત દેશને પ્લાસ્ટિક અને પ્રદૂષણ મુક્ત પર્યાવરણ માટે આપના સહીયારા માધ્યમથી જન જાગૃતિ દ્વારા વિદ્યાર્થીઓને તથા લોકોને પણ પ્રેરણાદાય કામ કરવા માટે અનુરોધ કરવામાં આવે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ધોરાજીના સભ્યો જનકભાઈ હિરપરા, ભાવેશભાઈ માવાણી, પ્રફુલભાઈ હિરપરા, અશોકભાઈ બાલધા, દલસુખભાઈ વાગડીયા, રાજુભાઈ હિરપરા, દિવ્યેશભાઈ હરપાળ, હરેનભાઈ અમીન, જી બી બાબરીયા, નરસિંહભાઈ પાઘડાર, ડો. સોજીત્રા, હરેનભાઈ અમીન, હર્ષભાઈ અંટાળા, મનોજભાઈ પોશિયા, વિનોદભાઈ હિરપરા, વિગેરે સભ્યઓએ આ કાર્યક્રમને સફળ બનાવેલ છે.

# જામનગર નજીકના નાઘેડી અને શાપર ગામે પોલીસનો દરોડો : ૧૦૬ બોટલ દારૂ ઝડપાયો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર એલસીબીની ટીમેં ચોક્કસ બાતમીના આધારે જામનગર નજીકના નાઘેડી તથા શાપર ગામે દારૂ અંગે દરોડા પાડ્યા હતાં. દરોડા દરમિયાન પોલીસે ૧૦૬ બોટલ દારૂ તેમજ એક રીક્ષા ચાલક સહિત બે આરોપીઓની અટકાયત કરી હતી જ્યારે અન્ય બે સપ્લાયરોના નામ ખુલતા તેઓને ફરારી જાહેર કરી ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે સાપર ગામના પાટીયા પાસે વોચ ગોઠવી રીક્ષામાં ઈંગ્લિશ દારૂ સાથે નીકળેલા ભાવિન સુરેશભાઈ મહેતા ઉ.વ.૪૬, રહે. ગુલાબનગર સામે, મોહનનગર આવાસ, બિલ્ડીંગ નંબર ૧૬ બ્લોક નંબર ૪૦૬ જામનગર નામના રીક્ષા ચાલકને ઝડપી પાડ્યો હતો, અને તેની પાસેથી રૂા.૧૫,૬૦૦ ની કિંમતની ૧૨ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો કબજે કર્યો હતો.ઉપરાંત એક લાખની રિક્ષા સહિત કુલ રૂા.૧,૨૦,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસની પૂછપરછ દરમિયાન તેને ઉપરોક્ત દારૂનો જથ્થો જામનગર નજીક નાઘેડીમાં રહેતા હાર્દિકસિંહ કે. જાડેજા અને લાલપુરના જાખર ગામના ધમભા ચુડાસમાએ સપ્લાય કર્યો હોવાનું જાણવા મળ્યું હતું, જેથી તે બંનેને ફરારી જાહેર કર્યા હતા.

દરમિયાન એલસીબીની ટુકડીએ નાઘેડી ગામમાં દરોડો પાડી માધવ રેસીડેન્સી-૨, ઇન્દુભા ગોહીલના મકાનમાં રહેતાં હાર્દિકસિંહ કે.જાડેજાને ઝડપી પાડ્યો હતો અને તેની પાસેથી વધુ રૂા.૫૫,૬૦૦ ની કિંમતની ૯૪ નંગ ઈંગ્લિશ દારૂની બોટલોનો જથ્થો કબજે કરી લીધો છે. જેને ઈંગ્લીશ દારુ જામનગરમાં શંકર ટેકરી વિસ્તારમાં રહેતા મુન્નાભાઈ દ્વારા સપ્લાય કરાયો હોવાથી પોલીસે તેને પણ ફરારી જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.આ કાર્યવાહી પીઆઇ વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ પીએસઆઇ પી.એન.મોરી તથા સી.એમ. કાંટેલીયા તથા એલ.સી.બી. સ્ટાફના હરપાલસિંહ સોઢા, ભરતભાઈ પટેલ, નાનજીભાઇ પટેલ, શરદભાઇ પરમાર, દિલીપભાઇ તલવાડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઈ કોડીયાતર, મયુદીનભાઇ સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, ધમેન્દ્રસિંહ જાડેજા, નિર્મળસિંહ જાડેજા, કિશોરભાઇ પરમાર, ભરતભાઇ ડાંગર, ધનશ્યામભાઇ ડેરવાળીયા, સુમીતભાઇ શીયાર, રૂષીરાજસિંહ વાળા, મયુરસિંહ પરમાર, સુરેશભાઇ માલકીયા, ભારતીબેન ડાંગર, દયારામ ત્રિવેદી, બીજલભાઇ બાલાસરા તથા ધમેન્દ્રસિંહ જાડેજા શૈલેન્દ્રસિંહ જાડેજા વિગેરે દ્વારા કરવામાં આવેલ છે.

# મોરબીના વજેપર વિસ્તારમાં નોટ નંબરનો જુગાર રમતા બે પકડાયા

મોરબી શહેરના વજેપર વિસ્તારમાં સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન વજેપરના ખૂણા પાસે અલગ અલગ ચલણી નોટના નંબર ઉપર પૈસાની હારજીતનો જુગાર રમી રહેલા રફીકશા નથુશા શાહમદાર ઉવ.૩૬ રહે.મકરાણીવાસ મોરબી તથા સાહિલભાઈ યુસુફભાઈ ભાણુ ઉવ.૨૬ રહે. વાઘપરા શેરી નં.૧૦ મોરબી વાળાને રોકડા રૂ.૨,૭૦૦ સાથે રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે. આ સાથે પોલીસે બન્ને આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉત્સાહભેર ઉજવણી

## મહિલા કર્મચારીઓના યોગદાનનું સન્માન; માનસિક સ્વાસ્થ્ય અને નાણાકીય સશક્તિકરણ પર વિશેષ સેમિનારનું આયોજન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે પશ્ચિમ રેલવેના રાજકોટ રેલવે ડિવિઝનમાં મહિલા કર્મચારીઓના સન્માન અને સશક્તિકરણને સમર્પિત એક ભવ્ય અને ગરિમાપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્ટાફ બેનિફિટ કમિટીના નેજા હેઠળ આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલા રેલકર્મીઓના મહત્વપૂર્ણ યોગદાનને બિરદાવવાનો અને તેમના સામાજિક, માનસિક તેમજ આર્થિક સશક્તિકરણ પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો.

આ પ્રસંગે રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ મહિલા કર્મચારીઓને સંબોધતા જણાવ્યું હતું કે, રેલવે અને સમાજના વિકાસમાં મહિલાઓની ભૂમિકા અત્યંત મહત્વની છે. તેમણે મહિલા કર્મચારીઓની કાર્યક્ષમતા, સમર્પણ અને જવાબદારીની પ્રશંસા કરતા કહ્યું કે, ભારતીય રેલવેમાં મહિલાઓની વધતી જતી ભાગીદારી સંગઠનને વધુ મજબૂત બનાવી રહી છે.

કાર્યક્રમ દરમિયાન વેસ્ટર્ન રેલવે વુમન્સ વેલ્ફેર ઓર્ગેનાઈઝેશન દ્વારા વિવિધ વિભાગોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ૧૧ મહિલા કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ અવસરે સંસ્થાના ઉપાધ્યક્ષ શ્રીમતી મમતા ચૌબે તથા અન્ય સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

મહિલા કર્મચારીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને કાર્યક્રમમાં માનસિક સ્વાસ્થ્ય, નાણાકીય આયોજન અને કાર્યસ્થળ પર જાતીય સતામણી સામે સુરક્ષા જેવા મહત્વના વિષયો પર વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નિષ્ણાતો દ્વારા ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમને વધુ રસપ્રદ બનાવવા માટે મહિલા કર્મચારીઓ માટે રમતગમત સ્પર્ધાઓ અને ક્વિઝનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ આયોજન મહિલા કર્મચારીઓના સન્માન, સશક્તિકરણ અને તેમના અમૂલ્ય યોગદાન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો એક મહત્વપૂર્ણ અવસર સાબિત થયો હતો.

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૂ.૩૮૯.૨૯ કરોડની વસુલાત કરવામાં આવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની વેરા-વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટે વેરાની વસુલાત કરવા માટેની ઝુંબેશ હાલ કાર્યરત છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નોન રેસિડન્સ, રેસિડન્સ, કોમર્શીયલ, સરકારી મિલકત જેવી મિલકતોનો વેરો બાકી હોય તો તેમને વેરા-બિલથી મિલકતવેરો ભરપાઈ કરવાની જાણ કરવામાં આવે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં વ્યાજ માફીની સ્કીમ લાવામાં આવી છે. જેમાં જો બાકી મિલકતવેરાની સંપૂર્ણ ભરપાઈ કરવામાં આવે તો મિલકત વેરાના વ્યાજ પર રૂ.૫૦૦૦ તથા પાણીના વેરાના વ્યાજ પર રૂ.૫૦૦૦ એમ કુલ રૂ.૧૦,૦૦૦ નું ડિસ્કાઉન્ટ મળવા પાત્ર થાય છે. આ યોજનાનો લાભ નાગરિકો તા.૩૧/૦૩/૨૦૨૬ સુધી લઈ શકે છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા.૦૭/૦૩/૨૦૨૬ સુધી કુલ રૂ. ૩૮૯.૨૯ કરોડની વસુલાત થઈ છે. આ વસુલાતમાં સરકારી વિભાગો દ્વારા તેમના હસ્તકની મિલકતોના મિલકત વેરા અને પાણી ચાર્જીસ ચુકવવામાં આવેલ છે. જેમાં ફેબ્રુઆરી માસમાં (૧) ગર્વનમેન્ટ ઓફ એન્જીનીયરીંગ કોલેજ દ્વારા રૂ.૫૮.૬૧ લાખ (૨) પી.જી.વી.સી.એલ દ્વારા રૂ.૪૫.૩૭ લાખ (૩) સ્પોર્ટ્સ ડીપાર્ટમેન્ટ દ્વારા રૂ.૩૦.૯૫ લાખ (૪) જૂની કોર્ટ દ્વારા રૂ.૧૭.૩૬ લાખ (૫) યાંત્રિક ભવન દ્વારા રૂ.૧૧.૦૦ લાખ (૬) નાયબ નિયામક કચેરી દ્વારા રૂ.૧૪.૧૮ લાખ (૭) મામલતદાર કચેરી દક્ષિણ દ્વારા રૂ.૬.૪૩ લાખ (૮) પી.ડબલ્યુ.ડી દ્વારા રૂ.૬૫.૪૭ લાખ (૯) ઈન્કમ ટેક્સ ડીપાર્ટમેન્ટ દ્વારા રૂ.૨૭.૮૨ હજાર, આમ કુલ રૂ.૨.૪૯ કરોડ જેટલી રકમ ચુકવેલ છે અને ચાલુ માસમાં (૧) સિવિલ હોસ્પિટલ દ્વારા રૂ.૭૪.૬૫ લાખ (૨) જી.એમ.એસ.સી.એલ દ્વારા રૂ.૪.૮૫ લાખ (૩) પોસ્ટલ ડેપો દ્વારા રૂ.૧૭.૨૨ લાખ (૪) સેન્ટ્રલ જી.એસ.ટી કચેરી દ્વારા રૂ.૧૭.૬૫ લાખ આમ કુલ રૂ.૧.૧૪ કરોડ જેટલી રકમ ચુકવેલ છે.

# રાજકોટમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ભવ્ય ઉજવણીઃ અસ્મિતા લીગ હેઠળ ખેલકૂદ સ્પર્ધાઓ યોજાઈ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે રાજકોટના આરએમસી ગ્રાઉન્ડ ખાતે ભારત સરકારના ખેલો ઈન્ડિયા અનેમેરા યુવા ભારત રાજકોટના સંયુક્ત ઉપક્રમે અસ્મિતા લીગ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે એડિશનલ કલેક્ટર ઈલાબેન ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવતીઓ અને મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ૧૩ વર્ષથી ઓછી, ૧૩ થી ૧૮ વર્ષ અને ૧૮ વર્ષથી ઉપરની વયજૂથની યુવતીઓ માટે ૧૦૦ મીટર, ૨૦૦ મીટર અને ૪૦૦ મીટર દોડની પ્રતિયોગિતા યોજાઈ હતી. રમતગમતની સાથે મહિલાઓ માટે રસાખેંચ જેવી પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મહિલાઓએ રમતગમત પ્રત્યે જુસ્સો દર્શાવ્યો હતો.વિજેતાઓને પ્રમાણપત્ર અને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.

જિલ્લા યુવા અધિકારી સ્વરૂપ દેશભ્રતાર દ્વારા કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી હતી.આ કાર્યક્રમને સફળ બનાવવામાં જિલ્લા રમતગમત અધિકારી વિક્રમસિંહ જાડેજા, જિલ્લા રમતગમત વિકાસ અધિકારી રમા મદ્રા, ખેલો ઈન્ડિયાના ધારાબેન, મેરા યુવા ભારતના રાજુભાઈ, અક્ષય ભાઉ સહિતના કોચિંગ સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# હળવદના રણજીતગઢ નજીક નર્મદા કેનાલમાં ઝંપલાવી આધેડે આત્મહત્યા કરી

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના રણજીતગઢ ગામ નજીક નર્મદા કેનાલમાં ઝંપલાવી ૪૫ વર્ષીય આધેડે આત્મહત્યા કરી હોવાનો બનાવ સામે આવ્યો છે. બનાવ અંગે હળવદ પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

હળવદ તાલુકાના રણજીતગઢ ગામે હળવદ-માળિયા હાઈવે પર આવેલ અશ્વશક્તિ રોટાવેટર કારખાના પાછળ આવેલી નર્મદા કેનાલમાં જયસુખભાઈ દુદાભાઈ વિઠલાપરા ઉવ.૪૫ રહે.કણબીપરા રામજી મંદિર પાસે હળવદ મૂળરહે. સુરેન્દ્રનગર જીલ્લાના પ્રાણગઢ ગામ વાળાએ કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની રીતે પાણીમાં પડી જતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ અંગે મૃતકના પત્ની ગીતાબેન જયસુખભાઈ વિઠલાપરા પાસેથી હળવદ પોલીસે વિગતો મેળવી અ.મોત રજીસ્ટર કરી વધુ તપાસ ચલાવી છે.

# મોરબી નવી બનતી મેડિકલ કોલેજ સામે ટ્રક હડફેટે અજાણ્યા ઈસમનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-રાજકોટ હાઈવે રોડ ફરી રક્તરંજીત થયો છે, જેમાં નવી બનતી મેડિકલ કોલેજ સામે રોડની સાઈડમાં ચાલીને જઈ રહેલ અજાણ્યા ઈસમનું ટ્રક કન્ટેઈનરની ઠોકરે સારવાર દરમિયાન મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે મૃત્યુ નીપજ્યું હતું. હાલ સીટી એ ડિવિઝન પોલીસે આરોપી ટ્રક કન્ટેઈનર ચાલકની અટક કરી તેની વિરુદ્ધ બીએનએસ તથા એમવી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, ગઈકાલ તા.૦૮/૦૩ના રોજ બપોરના અરસામાં મોરબી-રાજકોટ હાઈવે ઉપર ટ્રક કન્ટેઈનર રજી.નં. જીજે-૩૯-ટી-૧૬૦૩ના ચાલકે પોતાનું વાહન ફૂલ સ્પીડમાં અને બેદરકારીથી ચલાવીને આવી નવી બનતી મેડિકલ કોલેજની સામે રોડ સાઈડમાં ચાલીને જઈ રહેલા અજાણ્યા આશરે ૩૦ થી ૩૫ વર્ષ ઉંમર ધરાવતા પુરુષને ઠોકરે ચડાવી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં અજાણ્યા પુરુષને કમરથી નીચેના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી તેને તાત્કાલિક ૧૦૮ મારફત સારવારમાં મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવતા, જ્યાં ચાલુ સારવારમાં અજાણ્યા પુરુષનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ સીટી એ ડિવિઝન પોલીસે દિગ્વિજયસિંહ ઉર્ફે દિગુભા છત્રસિંહ જાડેજાની ફરિયાદને આધારે આરોપી ટ્રક કન્ટેઈનરના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરના નવા ભલગામ નજીક રોડ ક્રોસ કરી રહેલ પ્રૌઢનું અજાણ્યા વાહનની ઠોકરે મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના નવા ભલગામથી જુના ભલગામ ચાલીને પોતાના ઘરે જઈ રહેલા પ્રૌઢ વાંકાનેર હાઈવે રોડ ક્રોસ કરી રહ્યા હોય તે દરમિયાન એક અજાણ્યા વાહન ચાલજે પોતાનું વાહન બેદરકારીથી ચલાવી આવી પ્રૌઢને ટક્કર મારતા તેમને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારે સારવાર મળે તે પહેલાં જ પ્રૌઢનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે અકસ્માતના બનાવ અંગે મૃતકના પુત્રની ફરિયાદને આધારે વાંકાનેર તાલુકા પોલીસે આરોપી અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડી લેવા તપાસ શરૂ કરી છે. પ્રાપ્ત વિગતો મુજબ, વાંકાનેર તાલુકાના ભલગામ ગામે રહેતા આશિષભાઈ જગુભાઈ હમીરભાઈ બેડવા ઉવ.૨૩એ તાલુકા પોલીસ મથકમાં અજાણ્યા કેહન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગઈ તા.૦૭/૦૩ના રોજ આશિષભાઈના પિતા જગુભાઈ હમીરભાઈ બેડવા નવા ભલગામથી જુના ભલગામ પોતાના ઘરે જતા હોય ત્યારે રામદેવપીર મંદિર પાસે રોડની કટથી રોડ ક્રોસ કરી રહ્યા હોય તે દરમિયાન વાંકાનેર બાઉન્ડ્રીથી વાંકાનેર તરફથી આવતા અજાણ્યા વાહનના ચાલકે તેમને ઠોકરે ચડાવી અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં જગુભાઈને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેમનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ વાંકાનેર તાલુકા પોલીસે અજાણ્યા વાહનના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આનંદ પંડિત અને વૈશલ શાહની નવી ગુજરાતી ફિલ્મનું શુટીંગ શરૂ : ફિલ્મ રક્ષાબંધન પર થશે રીલીઝ




**મુખ્ય સમાચાર, અમદાવાદ**

આનંદ પંડિત મોશન પિક્ચર્સ અને જન્નોક ફિલ્મ્સ દ્વારા રજૂ થતી નવી ગુજરાતી ફિલ્મ નું મુહૂર્ત કાર્યક્રમ ૭ માર્ચ,ના રોજ ભવ્ય રીતે યોજાયો. આ પ્રસંગે મનોરંજન જગતના બહુમુખી કલાકારો જેમકે - મલ્હાર ઠાકર, યશ સોની, આરોહી પટેલ, આરતી પટેલ, સંદીપ પટેલ, કૃષ્ણદેવ યાજ્ઞિક, ફિલ્મ ડિસ્ટ્રિબ્યુટર વંદન શાહ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ ફિલ્મમાં ખ્યાતનામ કલાકાર રોનક કામદાર, મિત્ર ગઢવી, તત્સત મુન્શી, ચેતન દૈયા જોવા મળશે. ફિલ્મનું રિલીઝિંગ રક્ષાબંધનના શુભ અવસર પર નિર્ધારિત છે.

આ ફિલ્મ માનવ અને કુતરા વચ્ચેના અવિનાશી સંબંધને આધુનિક પરીકથા સ્વરૂપે રજૂ કરે છે.

નવી ફિલ્મના મહુરત પ્રસંગે આનંદભાઈ એ જણાવ્યું કે ''આ મુહૂર્ત સાથે અમારો પ્રયાસ એક એવી પારિવારિક ફિલ્મ બનાવવાનો છે જે પ્રાણીઓ પ્રત્યેનો પ્રેમ અને પરિવારમાં તેમના મહત્વને સુંદર રીતે રજૂ કરે. એક નિર્માતા તરીકે મને આનંદ છે કે આપણી પ્રાદેશિક સંસ્કૃતિ હવે વૈશ્વિક સ્તરે પોતાની નવી ઓળખ ઊભી કરી રહી છે.''

ફિલ્મના નિર્માતા વૈશલભાઈ વધુમાં જણાવ્યું કે ''જન્નોક ફિલ્મ્સ હંમેશા એવી વાર્તાઓ કહેવામાં માને છે જે સીધી યુવા પેઢી તથા પરિવારના સભ્યોના દિલ સાથે જોડાય. આ ફિલ્મમાં અમે એક સાવ અલગ અને અત્યાર સુધી વણખેડાયેલા વિષયને ગુજરાતી પડદા પર લાવવાનો પ્રયાસ કર્યો છે. આ ફિલ્મ માત્ર મનોરંજન નથી, પરંતુ આપણા જીવનમાં જે મૂંગા જીવો સાચો અને નિસ્વાર્થ પ્રેમ લાવે છે,

પ્રોડ્યુસરની સફળતા કથા

આનંદ પંડિત : બોલીવૂડમાં સરકાર-૩, ધ બિગ બુલ, ચહેરે જેવી ફિલ્મો દ્વારા સફળતા મેળવી. ગુજરાતી સિનેમામાં જેન્નોક ફિલ્મ્સ સાથે એમણે ફક્ત મહિલાઓ માટે ફિલ્મ દ્વારા શરૂઆત કરી.

વૈશલ શાહ : વૈશલ શાહ ગુજરાતી સિનેમાના એક પ્રેરણાદાયી સર્જક છે, જેમણે છેલ્લા દાયકામાં ઉદ્યોગને નવી ઓળખ આપી છે. છેલ્લો દિવસ (૨૦૧૫)થી પોતાની સફર શરૂ કરી, જે યુવા પેઢી માટે કલ્ટ ફિલ્મ બની. ત્યારબાદ તેમણે કરસનદાસ , શુ થાયુ?, ફક્ત મહિલાઓ માટે, ૩ એક્કા, ફક્ત પુરુષો માટે જેવી ફિલ્મો આપી, જે ખુબ સફળ રહી. ૨૦૨૫માં આવેલી ચણિયા ટોળી તેમની કારકિર્દીનું માઈલસ્ટોન બની. તેઓ ગુજરાતી સિનેમાના ''હિટ મૂવી મેકર'' તરીકે ઓળખાય છે. તેમની દ્રષ્ટિ માત્ર મનોરંજન પૂરતી નથી, પણ ગુજરાતી ફિલ્મોને રાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવવાની છે. જન્નોક ફિલ્મ્સ ના સ્થાપકને ગુજરાતી સિનેમાના એક દ્રષ્ટાવાન વિઝનરી તરીકે ઓળખવામાં આવે છે.

# ઓખા--ગોરખપુર એક્સપ્રેસ બદલાયેલા માર્ગે દોડશે

ઐશબાગ, બાદશાહનગર, બારાબંકી અને ગોંડા સ્ટેશનો પર ટ્રેન નહીં જાય

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ઉત્તર રેલવેના કાનપુર સેન્ટ્રલ સ્ટેશન પાસે આવેલા બ્રિજ સંખ્યા ૧૧૦ પર નિર્ધારિત મેન્ટેનન્સ (જાળવણી) કામગીરીના કારણે, પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન પરથી પસાર થતી ટ્રેન સંખ્યા ૧૫૦૪૬ ઓખા-ગોરખપુર સાપ્તાહિક એક્સપ્રેસ નિર્ધારિત તારીખોમાં આંશિક રીતે બદલાયેલા માર્ગ પર ચલાવવામાં આવશે.

તારીખ ૫, ૧૨, ૧૯ અને ૨૬ એપ્રિલ તથા ૦૩ અને ૧૦ મે ૨૦૨૬ ના રોજ ઓખાથી ઉપડનારી આ ટ્રેન તેના નિયમિત માર્ગ વાયા કાનપુર સેન્ટ્રલ-ઐશબાગ-મલ્હૌર-બારાબંકી-ગોરખપુરના બદલે આંશિક રીતે પરિવર્તિત માર્ગ વાયા કાનપુર સેન્ટ્રલ-પ્રયાગરાજ-માં બેલહા દેવી ધામ પ્રતાપગઢ જંક્શન-ગોરખપુર થઈને દોડશે. માર્ગમાં ફેરફારને કારણે આ તારીખો દરમિયાન આ ટ્રેન ઐશબાગ, બાદશાહનગર, બારાબંકી અને ગોંડા સ્ટેશનો પર જશે નહીં.

રેલવે પ્રશાસન મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરીનું આયોજન કરે. ટ્રેનોના સંચાલન સંબંધિત લેટેસ્ટ માહિતી માટે મુસ-ાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઇટની અવશ્ય મુલાકાત લે, જેથી તેમને કોઈપણ પ્રકારની અસુવિધાનો સામનો ન કરવો પડે.

# મોરબીના વીસીપરામાં અગાઉની માથાકૂટના સમાધાનમાં બોલાવી યુવક ઉપર કુટુંબી ભત્રીજાઓનો હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના વીસીપરા વિસ્તારમાં રહેતા યુવકને તેની કુટુંબી ભાભી સાથે અગાઉ થયેલ બોલાચાલી ઝઘડાનું સમાધાન કરવાનું કહી સાથે લઈ જઈને તેમના કુટુંબી બે ભત્રીજાઓએ લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો. અને કુટુંબી ભાભીએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે હુમલામાં યુવકને પગમાં ફ્રેકચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી હતી.

મળતી માહિતી અનુસાર, મોરબી શહેરના વીસીપરા વિસ્તારમાં કુલીનગર-૧ માં રહેતા ઈમરાનભાઈ હનીફભાઈ સુમરા ઉવ.૩૫ એ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં આરોપી સલમાબેન હુશેનભાઈ સુમરા, અરબાઝભાઈ હુશેનભાઈ સુમરા તથા આરીફભાઈ હુશેનભાઈ સુમરા ત્રણેય રહે.વીસીપરા ચાર ગોડાઉન પાસે મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગત તા.૦૬/૦૩ના રોજ ફરિયાદી ઈમરાનભાઈ પોતાના ઘરે હોય ત્યારે તેમના કુટુંબી ભત્રીજાઓ આરોપી અરબાઝ અને આરીફ તેમના ઘરે આવ્યા અને આરોપીઓની માતા અને ફરિયાદીના કુટુંબી ભાભી સાથે અગાઉ થયેલ માથાકુટ અંગે સમાધાન કરવું છે તેમ કહી ઈમરાનભાઈને ચાર ગોડાઉન ખાતે લઈ ગયા જ્યાં બન્ને આરોપી અરબાઝ અને આરીફે લોખંડના પાઇપથી આડેધડ ઘા મારી ઈમરાનભાઈને શરીરે અને બન્ને પગમાં ઈજાઓ પહોંચાડી હતી. આ દરમિયાન આરોપી સલમાબેને આવી ઈમરાનભાઈને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. હાલ સમગ્ર બનાવ મામલે બી ડિવિઝન પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના લાતી પ્લોટના નાકેથી વિદેશી દારૂના 30 ચપલા સાથે એક પકડાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના લાતી પ્લોટ વિસ્તારમાં શેરી નં. ૬ ના નાકે આવેલ ખુલ્લી ચા ની કેબિન નજીક સીટી એ ડિવિઝન પોલીસે શંકાસ્પદ હિલચાલ કરતા એક શખ્સને રોકી તેની પાસે રહેલ થેલાની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ રોયલ ચેલેન્જ વ્હિસ્કીની ૧૮૦મીલી.ની ૩૦ બોટલ કિ.રૂ.૫,૪૦૦/-મળી આવી હતી જેથી તુરંત આરોપી પિયુષ ઉર્ફે ભુરો નવઘનભાઈ ખીંટ ઉવ.૧૮ રહે. ભગવતીપરા વાવડી રોડ મોરબી વાળાની અટક કરી હતી. આ સાથે પોલીસે પકડાયેલ આરોપી સામે સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદમાં પૌત્રએ ભાણીનું બાવડું પકડ્યાનો આક્ષેપ કરી દુકાનદારે દાદા-દાદી સાથે ઝપાઝપી કરી




## વૃદ્ધ દંપતીને ગાળો ભાંડી ધક્કામુકી કરનાર વિરુદ્ધ ગુનો નોંધાયો


**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદમાં બસ સ્ટેન્ડ પાછળના વિસ્તારમાં પૌત્રે દુકાનદારની ભાણીનું બાવડું પકડ્યાનો આક્ષેપ કરી દુકાનદારે રાત્રે ફરીયાદી વૃદ્ધના ઘરે જઈ ઝઘડો કર્યો હતો. બોલાચાલી દરમિયાન દાદા-દાદી સાથે ઝપાઝપી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદ શહેરમાં નાસ્તાની દુકાનમાં બનેલી એક ઘટનાને લઈ બાદમાં દુકાનદાર દ્વારા ઘરે જઈ ઝઘડો કર્યાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે બસ સ્ટેશન પાછળ રહેતા નાનજીભાઈ છગનભાઈ પરમાર ઉવ.૭૧ વાળાએ હળવદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી કે, તેમના નાના દીકરા શૈલેષનો દીકરો સાંજના સમયે આરોપી જયેશભાઈ કાળુભાઈ પરમારની દુકાને નાસ્તો લેવા ગયો હતો. તે સમયે દુકાનમાં આરોપીની ભાણી હાજર હતી. બાદમાં રાત્રે આશરે સાડા અગિયાર વાગ્યે આરોપી જયેશભાઈ પરમાર હાથમાં ધોકો લઈને ફરીયાદીના ઘરે આવી દરવાજા પર ધોકો મારી તેમના પૌત્રે પોતાની ભાણીનું બાવડું પકડ્યાનો આક્ષેપ કરી બોલાચાલી શરૂ કરી, ગાળો આપી ઝપાઝપી કરી હતી અને આ દરમિયાન વચ્ચે પડેલ ફરીયાદીના પત્ની મીઠીબેનને ધક્કો મારતા તેઓ નીચે પડી ગયા હતા. ત્યારે પરિવારજનો તથા પાડોશીઓ વચ્ચે પડતા આરોપી જયેશભાઇ જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે હળવદ પોલીસે આરોપી જયેશભાઇ પરમાર રહે. બસ સ્ટેન્ડ પાછળ હળવદ વાળા વિરુદ્ધ બીએનએસની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# ભાયાવદરમાં વ્યાજખોરોની ચંગુલમાં ન આવવા પોલીસનું સૂચન : લોન મેળાનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, ભાયાવદર**
**અહેવાલ - વિજય રાડીયા**



ઉપલેટા તાલુકાના ભાયાવદર રેન્જ આઈ.જી તેમજ એસપી ની સૂચના મુજબ અને મદદનીશ પોલીસ અધિક્ષક સિમરન ભારદ્વાજ ના માર્ગદર્શન હેઠળ ભાયાવદર પોલીસ સ્ટેશન ખાતે લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે પીઆઈ વી.સી.પરમાર અને પીએસઆઈ ડી.એચ.રાખોલિયાએ હાજર રહીને આ મેળામાં આજુબાજુ વિસ્તારના ગામડાઓમાંથી અને સ્થાનિક શહેરના વિવિધ સમાજના આગેવાનોને જણાવ્યું હતું કે લોકો વ્યાજખોરોનો ભોગ ન બને અને લોકોને બેન્ક મારફતે ઓછા વ્યાજે લોન મળે તે માટે બેંકોના મેનેજરોનો સંપર્ક કરી આ લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું છે જેનો મહત્તમ લાભ લેવો જોઈએ અને વ્યાજખોરોની ચુંગાલમાં ન આવવું જોઈએ.

# હળવદમાં અલ્ટો કારમાંથી 300 બિયર ટીન સાથે બે શખ્સ ઝડપાયા

## ઇંગરોળા-મયાપુર રોડ પર પોલીસે કાર સહિત રૂ.૨.૬૩ લાખનો મુદામાલ જપ્ત કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ નજીક ઇંગરોળા-મયાપુર રોડ પર પોલીસે અલ્ટો કારમાંથી ૩૦૦ બિયરના ટીન સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. આ સાથે પોલીસે કાર સહિત કુલ રૂ.૨.૬૩ લાખનો મુદામાલ કબજે કરી બન્ને આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

હળવદ પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ઇંગરોળા-મયાપુર રોડ ઉપર નર્મદા કેનાલના નાલા પ્રકાશનગરથી આવતા રોડ ઉપર પસાર થતી અલ્ટો કાર રજી.નં. જીજે-૦૫-જેઆર-૯૬૬ને રોકી તેની તલાસી લેતા તેમાંથી કિંગફિશર અને માઉન્ટન એમ બે અલગ અલગ બ્રાન્ડના ૩૦૦ નંગ બિયરના ટીન કિ.રૂ.૬૩,૭૨૦/- મળી આવ્યા હતા. જેથી હળવદ પોલીસે અલ્ટો કાર ચાલક આરોપી સુરેશભાઇ કંદુભાઇ રાઠવા ઉવ ૩૧ હાલ રહે. નવા ઇશનપુર ગામે અવચરભાઇના મકાને તા.હળવદ મુળ રહે. ગામ કેલદ્રા તા.કંવાટ જી.છોટાઉદેપુર તથા કારમાં સવાર આરોપી મહેન્દ્રભાઇ ઉર્ફે મુન્નો ભીમાભાઇ જીંજુવાડીયા ઉવ.૩૨ રહે.ગામ નવા ઇશનપુર તા.હળવદ વાળાની સ્થળ ઉપરથી અટકાયત કરી હતી.

આ સાથે પોલીસે અલ્ટો કાર કિ.રૂ.૨ લાખ સહિત રૂ.૨,૬૩,૭૨૦/- સહિતનો મુદ્દામાલ કબ્જે કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# તું મારી નહીં તો કોઈની નહીં કહી પ્રેમીએ ત્યકતાને છરીના ઘા ઝિંક્યા

## બંને ૭ વર્ષથી રાજકોટમાં સાથે રહેતા : તાજેતરમાં માથાકૂટો થતા કાજલબેને પરત પતિ સાથે રહેવા જવા નિર્ણય લીધો, આજે દીકરો તેડવાં આવે તે પહેલા બનાવ બન્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તું મારી નહીં તો કોઈની નહીં તેવા ઉશ્કેરાટમાં રાજકોટમાં પ્રેમીએ ત્યકતા પ્રેમિકાને છરીના ઘા ઝિક્યાં હતા અને પછી પોતે ટ્રેન હેઠળ પડતું મુકી જીવ દીધો હતો. આજે વહેલી સવારે ૬ વાગ્યાં આસપાસ આ બનાવ બન્યો હતો. પ્રેમિકા પોતાનાથી અલગ થાય તે પ્રેમીને મંજુર નહોતું. ૪૫ વર્ષીય કાજલબેનના લગ્ન બરવળાના ભુપતભાઈ પટેલ સાથે થયેલા, ત્યાંના જ યુવક હિંમત વાળા સાથે આંખ મળતા છૂટાછેડા લીધા હતા. હિંમત અને કાજલ બંને ૭ વર્ષથી રાજકોટમાં સાથે રહેતા હતા. પણ તાજેતરમાં માથાકૂટો થતા કાજલબેને પરત પતિ સાથે રહેવા જવા નિર્ણય લીધો હતો.આજે દીકરો તેડવાં આવે તે પહેલા બનાવ બન્યો હતો. ત્યક્તાની હાલત ગંભીર છે. તે હોસ્પિટલમાં દાખલ છે.



બનાવની મળતી વિગત અનુસાર, કાજલબેન ભુપતભાઈ ગોંડલીયા (ઉંમર વર્ષ ૪૫, રહે. શીતળા ધાર, ૨૫ વારીયા, શેરી નંબર ૨૯, શંકર મંદિર પાસે, કોઠારીયા સોલવન્ટ, રાજકોટ) આજે સવારે પાંચ વાગ્યા આસપાસ પોતાના ઘરે હતા ત્યારે તેના પ્રેમી હિંમત ગોબર વાળાએ ગળા તથા છાતી તથા પેટના ભાગે છરીઓના આડેધડ ઘા માર્યા હતા.

જેથી કાજલબેનને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેમની હાલત અતિ ગંભીર હોવાથી ઇમરજન્સી વિભાગમાં દાખલ કરાયા છે. બનાવની જાણ થતા કાજલબેનનો પુત્ર સાગર દોડી આવ્યો હતો. સાગરે જણાવ્યું કે, મારાં માતા કાજલબેન મૂળ મહારાષ્ટ્રના છે અને પિતા ભુપતભાઈ ગોંડલીયા ભેંસાણ તાલુકાના બરવાળા ખાતે રહે છે.

૭ વર્ષ પહેલા મારાં માતાને બરવાળા ગામમાં જ રહેતા એક સંતાનના પિતા એવા યુવક હિંમત વાળા સાથે સંપર્ક થયો હતો. બંનેને પરિચય થયા પછી મારાં માતા - પિતા વચ્ચે ઝઘડા થવા લાગ્યા હતા. જેથી મારાં માતા હિંમત સાથે રહેવા જતા રહ્યા હતા અને પિતા ભુપતભાઈને છૂટાછેડા આપી દીધા હતા. ૭ વર્ષથી હિંમત અને કાજલબેન રાજકોટમાં સાથે રહેતા હતા. હિંમત મજૂરી કામ કરતો. જ્યારે કાજલબેન પણ કારખાનામાં કામે જતા. આ દરમ્યાન હિંમત કાજલબેનને સરખી રીતે સાચવતો નહીં.

માથાકૂટ બોલાચાલી વધી જતા દીકરા સાગરે કાજલબેનને કહ્યું કે, તમે પરત અમારા ભેગા રહેવા આવતા રહો. સાગરે પોતાના પિતા ભુપતભાઈને પણ આ અંગે વાત કરી હતી. આ ઉપરાંત બે ચાર દિવસ પહેલા હિંમત સાથે પણ વાત થઈ હતી. જોકે હિંમત આ માટે તૈયાર

### પ્રેમીએ ટ્રેન હેઠળ પડતું મુકી જીવ દીધો

નહોતો. જ્યારે કાજલબેને પરત દીકરા અને પતિ સાથે રહેવા જવાનું નક્કી કરી લીધું હતું. આજે સાગર તેની માતાને તેડવાં માટે જવાનો હતો.

એ પહેલા સવારે પાંચ વાગ્યે હિંમત ઘરે પહોંચ્યો. કાજલબેનને મોઢે ડૂમો આપી આડેધડ છરીના ઘા ઝીંક્યા હતા. કાજલબેનને ગળા તથા છાતી તથા પેટના ભાગે ગંભીર ઈજા થઈ હતી. પછી હિંમત ત્યાંથી ભાગી ગયો હતો. મકાન માલિક મહિલાને જાણ થતા સાગરને જાણ કરી હતી અને કાજલબેનને હોસ્પિટલ ખસેડ્યા હતા. કાજલબેનને સંતાનમાં ૨ દીકરી અને ૧ દીકરો છે. જ્યારે હિંમતને ૧ દીકરો છે.

બનાવને પગલે આજીડેમ પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો. આરોપી હિંમત ની શોધખોળ હાથ ધરી હતી. ત્યાં માહિતી મળી હતી કે કોઠારીયા સોલવન્ટ પાસે ટ્રેનના પાટા ઉપર એક યુવાને ટ્રેન હેઠળ પડતું મૂકીને આપઘાત કરી લીધો છે. ત્યાં દોડું જઈ પોલીસે મૃતક યુવાનની ઓળખ કરતા તે હિંમત ગોબર વાળા હોવાનું ખુલ્યું હતું.

# રાજ્યના નશાબંધી, આબકારી વિભાગના ૨૪ નાયબ નિરીક્ષકની બઢતી સાથે બદલી

## રાજકોટ શહેરમાં નિરીક્ષક તરીકે એચ.જે. ગોહિલ મુકાયાઃ મોરબીનો પણ હવાલો, ૩ નિરીક્ષકની બદલી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યના નશાબંધી અને આબકારી વિભાગમાં ફરજ બજાવતા ૨૪ નાયબ નિરીક્ષકની નિરીક્ષક તરીકે બઢતી સાથે બદલી થઈ છે. જ્યારે ત્રણ નિરીક્ષકને બદલાવવામાં આવ્યા છે. પ્રમોશન સાથે રાજકોટ સિટીમાં હરદેવસિંહ જે. ગોહિલને મુકવામાં આવ્યા છે. સાથે તેમને મોરબીનો પણ હવાલો સોંપાયો છે.



બઢતી મેળવનારા નાયબ નિરીક્ષકોમાં ચિંતન પ્રજાપતિ,કિરીટ ફલીયા, મહેન્દ્રસિંહ વાઘેલા, વિપુલ પટેલ, શૈલેષ મારૂ, દિપીકાબેન પટેલ, કનુસિંહ ઠાકોર, ઈન્દ્રજીતસિંહ ડોડિયા, હરસનજી પટેલ, પ્રેયસકુમાર દેસાઈ, અલ્કાબેન હિરપરા, પ્રભાતસિંહ ગોહિલ, સુનિતા રાઠોડ, ધર્માભાઈ કારંગવા, જયદીપસિંહ જાડેજા, ઉર્મિત જાની સહિતનાનો સમાવેશ થાય છે. રાજકોટ સિટીના નિરીક્ષક શર્મિલા મોરીની જામનગર ખાતે બદલી થઈ છે. તેમના સ્થાને એચ.જે. ગોહિલને મુકવામાં આવ્યા છે.

# વાવડીમાં દંપતી વચ્ચે ઝઘડો થતા મોટાભાઈએ લાકડી વડે માર માર્યો

રાજકોટના વાવડીમાં રહેતા રોહીતભાઈ રૂપસિંગભાઈ પરમાર નામના ૨૩ વર્ષના યુવક પોતાના ઘરે હતો ત્યારે તેમના ભાઈ રમેશભાઈ અને ભાભી રજૂબેને ઝઘડો કરી લાકડી વડે માર માર્યો હતો. આ ઘટનામાં તેમણે જણાવ્યુ હતુ કે, મોટાભાઈ રસીકના ઘરે આટો મારવા આવ્યા ત્યારે રોહીત અને તેમની પત્ની સારદાબેનને સાથે ઘરે જવા બાબતે બોલાચાલી થઈ હતી જેના કારણે ઝઘડો થતા ત્યા હાજર તેમના મોટાભાઈ રમેશભાઈ રૂપસિંગ અને તેમની પત્ની રજૂબને લાકડી વડે માર માર્યો હતો. રોહિતે જણાવ્યુ હતુ કે પોતે ભંગારનો ધંધો કરે છે અને આ મારામારી દરમ્યાન ભાઈ અને ભાગીએ રીક્ષા અને બાઈકમાં પણ તોડફોડ કરી હતી.

# મધ્યસ્થ જેલમાં મહિલા બંદીવાનોને હક્ક તથા અધિકાર વિશે માહિતગાર કરવા જિલ્લા કાનુનિ સેવા સત્તા મંડલ દ્વારા શીબીરનુ આયોજન કરાયું

## મહિલા બંદીવાનોમાં સકારાત્મકતા ઉદભવે અને મનોરંજન થાય તેવા શુભ આશયથી ગુજરાતી ચિત્રપટ "લાલો" પ્રદર્શીત કરવામાં આવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિશ્વ મહિલા દિન નિમિત્તે નામ.ગુજરાત રાજ્ય કાનુનિ સેવા સત્તા મંડલ, અમદાવાદ તથા નામ. જિલ્લા કાનુનિ સેવા સત્તા મંડલ, રાજકોટના હુકમથી તથા પોલીસ મહાનિદેશક જેલ અને સુધારાત્મક વહીવટ, ગુજરાત રાજ્ય, અમદાવાદનાઓના માર્ગદર્શન હેઠળ રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે રહેલ મહિલા બંદીવાનોને તેઓના હક્ક તથા અધિકાર વિશે માહિતગાર કરવા માટે જિલ્લા કાનુનિ સેવા સત્તા મંડલ, રાજકોટ ખાતેના LADC ના મહિલા ચીફ, ડેપ્યુટી ચીફ તથા આસીસ્ટનાઓ દ્વારા શીબીરનુ આયોજન કરવામાં આવેલ હતુ. આ શીબીરમાં ઉપરોક્ત ટીમ દ્વારા મહિલા બંદીવાનોને તેઓના હક્ક તથા અધિકારો વિશે માહિતગાર કરેલ હતા. આ ઉપરાંત અધિક્ષક રાજકોટ મધ્યસ્થ જેલ તથા




જિલ્લા કાનુનિ સેવા સત્તા મંડલ, રાજકોટના સંયુક્ત ઉપક્રમે રાજકોટ મધ્યસ્થ જેલની મહિલા બંદિવાનો માટે સર્વ રોગ નિદાન મેડીકલ કેમ્પનુ આયોજન કરવામાં આવેલ. જેમાં સીવીલ હોસ્પિટલ, રાજકોટના વિવિધ રોગના તજજ્ઞો ઉપસ્થિત રહી જરૂરીયાત મંદ મહિલા બંદીવાનોને યોગ્ય સારવાર આપી જરૂરીયાત મુજબની દવાઓનુ વિતરણ કરવામાં આવેલ હતુ. ઉપરોક્ત બન્ને કાર્યક્રમોમાં ના મહિલા ચીફ અમિતાબેન સિપ્પી તેમજ જેલના મહિલા મેડીકલ ઓફીસર એલ.કે.ચૌહાણ તેમજ પેરા મેડીકલ સ્ટાફ હાજર રહેલ હતા.

વિશ્વ મહિલા દીન નિમિતે જેલમાં રહેલ મહિલા બંદીવાનોમાં સકારાત્મકતા ઉદભવે તમેજ તેઓ તમામનુ મનોરંજન થાય તેવા શુભ આશ્રયથી તાજેતરમાં પ્રદર્શીત થયેલ ગુજરાતી ચિત્રપટ "લાલો" મહિલા વિભાગ ખાતે પ્રદર્શીત કરવામાં આવેલ. આ ચિત્રપટ દરમ્યાન તમામ મહિલા બંદીવાનોને જેલ કેંટીન મારફતે આઈસ્ક્રીમ તથા પોપકોર્નનુ વિતરણ કરવામાં આવેલ હતુ. વિશ્વ મહિલા નિમિતે જેલના રેડીયો પ્રિઝન મારફતે ફીમેલ નર્સ કુ. અવનીબેન જી. ઘાડીયાનાઓ દ્વારા ખાસ વકતવ્ય આપેલ હતુ. સદરહુ ઉપરોક્ત તમામ કાર્યક્રમોમાં જેલ અધિક્ષક વી.પી.ગોહીલ, નાયબ અધિક્ષક ડી.પી.રબારી તેમજ ડયુટી જેલર કે.એ.વાઢેરનાઓ ઉપસ્થિત રહેલ હતા. ઉપરોક્ત કાર્યક્રમને સફળ બનાવવા માટે અધિક્ષકના માર્ગદર્શન હેઠળ જેલના અધિકારી/કર્મચારીઓએ ખાસ જહેમત ઉઠાવેલ હતી. જેલ અધિક્ષક વી.પી.ગોહીલ દ્વારા તમામ મહિલા બંદીવાનો તેમજ જેલના મહિલા અધિકારી/કર્મચારીઓને વિશ્વ મહિલા દિનની શુભેચ્છા પાઠવેલ હતી.

# ક્રિકેટ રસિકોએ આતશબાજી કરી જીતની ભવ્ય ઉજવણી અને વિજય ઉત્સવ મનાવ્યો



તસવીર : ગૌરવ લશ્કરી

ટી ૨૦ વર્લ્ડ કપ નો ફાઈનલ મેચ ન્યૂઝીલેન્ડ અને ભારત વચ્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયો હતો જેમાં ભારતનો શાનદાર વિજય થયો હતો ન્યૂઝીલેન્ડના બેટ ધરો ભારતીય ટીમ સામે મેદાનમાં ટકી શક્યા નહોતા અને ટપો ટપ આઉટ થઈ ગયા હતા અને ભારતનો ૯૬ રને ભવ્ય વિજય થયો હતો સૌરાષ્ટ્ર ભરમાં આ જીતની ભવ્ય ઉજવણી ક્રિકેટ રસિક હોય એ કરી હતી. ફટાકડા ફોડી ઢોલ નગારા ના નાદ સાથે ખૂબ ઝૂમ્યા હતા રાજકોટ માં પણ ક્રિકેટ રસિકો ઘેલા થયા હતા રસિકો ભેગા થયા હતા યાજ્ઞિક રોડ ૧૫૦ ફૂટ રીંગ રોડ રેસકોસ રીંગરોડ સહિતના રાજમાર્ગો ઉપર ટુ-વ્હીલર થી માંડીને ફોરવીલરમાં નીકળી પડયા હતા બાળકો પણ રાષ્ટ્રધ્વજ સાથે નજરે પડતા હતા ક્રિકેટ રસિકોએ ઠેકાણે ચોકમાં આતસબાજી કરીને જીતની ભવ્ય ઉજવણી કરી હતી અને વિજય ઉત્સવ મનાવ્યો હતો

# એક સ્ત્રી જ્યારે શારીરિક અને માનસિક રીતે સ્ટ્રોંગ હશે તો આખો સમાજ તંદુરસ્ત બનશે



5000 કલાક યોગ એલાઇન્સ ટીચર ટ્રેનિંગ સર્ટિફાઇડ

Aarati Mandauliya
Occupation - yoga teacher, sound healer, Gong master



સાઉન્ડ બાથ થેરાપી



એકવા યોગા : રેસકોર્સ મહિલા સ્વિમિંગપુલ





મેરો સ્પેશ્યલ લેડીઝ કલાસ



સાઉન્ડ થેરપી : રોટરી કલબ



એરિયલ યોગા ટીચિંગ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

છેલ્લા ૧૨ વર્ષથી રાજકોટમાં પ્રિયમ યોગા એન્ડ ફિટનેસ સ્ટુડિયો ચલાવે છે જેમાં ટ્રેડિશનલ રીતે યોગ અને પ્રાણાયામ તથા મેડિટેશન કરાવે છે અને એ પણ મોર્ડન ટચ સાથે. લગ્નના ૧૧ વર્ષ પછી ઘર અને બાળકો સેટ કર્યા બાદ યોગ તરફ વળી, પહેલા જાતે જ પ્રેક્ટિસ કરતી એમાં શારીરિક અને માનસિક રીતે ઘણા ફાયદા અનુભવ્યા એક સ્ત્રી તરીકે બધું બેલેન્સ કરીને ચાલવું ઘણીવાર એક ચેલેન્જ બની જતું હોય છે પણ યોગ એ મને બેલેન્સ લાઈફ જીવતા શિખવાડી આથી મેં પણ નિર્ણય કર્યો કે આ યોગને હું મારાથી બને એટલે વધુ લોકો સુધી પહોચાડીશ ખાસ કરીને સ્ત્રીઓમાં યોગ પ્રત્યે રસ જાગે અને એ યોગ કરવાનું શરૂ કરે એવું હું ઇચ્છતી હતી આજે મારી અન્ડર માં ૫૦૦૦ ઉપર લોકો યોગ શીખી ચૂક્યા છે અને એમાંથી ઘણા એ તો પોતે પણ શીખવાડવાનું ચાલુ કરી દીધું છે! સારું છે બને એટલા વધુ લોકો સુધી યોગ પહોંચે એ ઇચ્છનીય છે. એક સ્ત્રી જ્યારે શારીરિક અને માનસિક રીતે સ્ટ્રોંગ હશે તો આખો સમાજ તંદુરસ્ત બનશે.

**યોગના અનેક પ્રકારો છે જેમ કે**

હઠ યોગ, અષ્ટાંગ યોગ, રાજ યોગ, ક્રીયા યોગ અને મોર્ડન સમયમાં પ્રચલિત છે એવા વિનયાસા યોગ, કુંડલીની યોગ, એરિયલ યોગા, એનિમલ ફ્લો, યીન યોગા, તાઈચી યોગા વગેરે

બધાનો મૂળ બેઝ અષ્ટાંગ યોગ જ છે જે પતંજલિ દ્વારા રચાયેલા યોગ સુત્રમાં દર્શાવેલ છે. યોગ આપણી અતિ પ્રાચિન પરંપરા છે જે આપણા ઋષિમૂનીઓએ આપણને ભેટ આપેલી છે એક એવી અમૂલ્ય ભેટ જેની સાધના કરવાથી અદ્ભુત પરિણામો મળી શકે છે.

**યોગ દરેક ઉંમરની વ્યક્તિ કરી શકે છે સ્ત્રી હોય કે પુરુષ**

સ્ત્રીઓ માટે યોગ એક વરદાન છે. હોર્મોન્સ બેલેન્સ, ગર્ભાશયને લગતી સમસ્યાઓ, , જેવી બિમારીઓ જે આજકાલ બહુ જ કોમન થઇ ગઇ છે ટીનએજ થી લઈ ૪૦-૪૫ વર્ષ ની વય સુધીની મહિલાઓમાં, સ્નાયુ તથા સાંધાના દુખાવામાં, મુડ સ્વિંગ અને મેનોપોઝ જેવી અનેક સમસ્યાઓને હળવી કે મટાડવામાં યોગ બહુ અસરકારક છે.

**અમુક આસનો જેવા કે**

બટરફ્લાય, ભદ્રાસન, ગરુડાસન, ગૌમુખાસન, વીરભદ્રાસન વગેરેના નિયમિત અભ્યાસથી ફાયદા મળે છે.

મારે ત્યાં આવતા અનેક મહિલાઓને ડાયાબિટીસ, ડીપ્રેશન, સાંધાના દુખાવા, ઘુંટણ અને કમરના દુખાવા મટી ગયાના પણ કિસ્સા છે.

**એ ઉપરાંત પ્રાણાયામ અને ધ્યાન કરવાથી મનની સ્થિરતા અને શાંતીનો અનુભવ થયો છે**

પાછલા વર્ષોમાં મેં અનેક મહીલા લક્ષી સંસ્થાઓમાં વિના મુલ્યે યોગ સેવા આપેલ છે જેમા, રાજકોટ મહિલા પોલિસ ડિપાર્ટમેન્ટ, અંધ મહીલા સંસ્થા તેમજ યુવા મહિલા અનાથાશ્રમ વગેરે પણ સામેલ છે, મહિલાઓને અંતર્ગત એકવા યોગા ની શરૂઆત કરાવવામાં પણ સહભાગી બનવાનુ ગૌરવ છે જેની નોંધ ગુજરાતના લીડીંગ મેગેઝિન ચિત્રલેખા એ પણ લીધેલી અને કવર સ્ટોરી કરેલી

આવનારા વર્ષો માં હજુ વધારે સ્ત્રી વર્ગ સુધી યોગ પહોચાડવાનો ઇરાદો છે ખાસ કરી ને સ્કૂલ અને કોલેજ માં અભ્યાસ કરતી દીકરીઓ જે અનેક ચેલેન્જ થી ઘેરાયેલી છે.

